જુસિકાએ ચરેડી-આદિવાડામાં ચા-નાસ્તો પીરસ્યો

ગાંધીનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસેલા ભારે વરસાદને પગલે શહેરમાં વિવિધ વિસ્તારોમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોની હાલત કફોડી થવા પામી છે. આ પરિસ્થિતિમાં શહેરની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ આ શ્રમજીવી પરિવારોની વ્હારે આવી છે. ગાંધીનગરની જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સવાર ચરેડી છાપરા ખાતે એક હજાર અને આદિવાડા ગામમાં એક હજાર એમ કુલ બે હજાર ફુડ પેકેટસ તથા ગરમાગરમ ચાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદ વરસી રહ્યો છે ત્યારે ગઈ કાલે રાત્રે શહેરમાં મુશળધાર વરસાદ વરસતા શહેરના માર્ગ અને રહેણાંક વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યો હતો તો બીજી તરફ વરસાદ અને પવનને પગલે શહેરના સે-૧૨/૧૩માં રહેણાંક વિસ્તારમાં વૃક્ષો પડી ગયાના કિસ્સા સામે આવ્યા હતા. નાગરિકોએ વોર્ડના કોર્પોરેટર નાઝાભાઈને જાણ કરતા તેઓએ સ્થળ પર આવી પહોંચીને તંત્રને જાણ કરી તાત્કાલિક વૃક્ષ હટાવવાની કામગીરી કરી હતી.

ગાંધીનગરમાં વરસાદી પાણીના ભરાવાને પગલે શહેરના વિવિધ વિસ્તારમાં છાપરામાં રહેતા ગરીબ પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. આ પરિવારોને મદદરૂપ થવા શહેરમાં અનેક સેવાકાર્યો હાથ ધરાયા છે. જેમાં સે-૨૪, સે-૨૦, સે-૪ અને ચરેડી છાપરાના એક હજારથી વધુ નાગરિકોને રાહત કાર્યનો લાભ અપાયો હતો. આ રાહત કાર્યમાં ગુડાના ચેરમને આશિષભાઈ દવેએ જોડાઈ અસરગ્રસ્તોને ભોજન પીરસવાની સેવા પુરી પાડી હતી.

બનાસકાંઠામાં વરસાદે ભારે તારાજી સર્જી છે. ત્યારે અસરગ્રસ્તો માટે ગાંધીનગરના અગ્રણી કોન્ટ્રાકટર કાર્તિકભાઈ પટેલ દ્વારા ૫૦૦૦ પાણીની બોટલ બનાસકાંઠાના અસરગ્રસ્ત વિસ્તાર માટે મોકલવામાં આવી હતી.

શહેરમાં વરસેલા વરસાદી કહેરથી પ્રભાવિત થયેલ અસરગ્રસ્તો માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જયોતિ મહિલા મંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા સંયુકત પણે ૧૫૦૦ પેકેટ સૂકા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ તથા સુધીર દેસાઈ, નિલેન્દુ વોરા, શશીકાંત મોઢા, સીતારામ પટેલ, લતાબેન ચોકસી, હર્ષાબા ધાંધલ, નીરૂબેન નાયક, કોકિલાબેન નાયક સહિત અગ્રણીઓ જોડાયા હતા.

સમગ્ર ગાંધીનગર તાલુકામાંથી બનાસકાંઠા પાટણના પુરપિડિતો માટે રાહતકાર્યોનો ધોધ વહ્યો છે. પેથાપુર ચાર રસ્તા નજીકની સ્વપ્નવિલા-૨ સોસાયટીના મહિલા મંડળ દ્વારા પણ સહપ્રયાસો હાથ ધરી પુરી, અથાણું અને બુંદી સહિતની વિવિધ સામગ્રીના ૭ હજાર ફુડ પેકેટસ તૈયાર કરી પુરપિડિતો માટે મોકલી આપવામાં આવ્યા હતા.

પાટનગર પાણીમાં ગરકાવ : છેલ્લા છ દિવસથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં મેઘ કહેર બાદ ગુરુવારે વહેલી સવારે પાટનગરમાં વરસા ઉત્સવનો સમાપન સમારોહ હોય એમ પાંચ કલાકમાં ૮ ઈંચ વરસાદ પડતા પાટનગર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. અત્ર... તત્ર... સર્વત્ર પાણી... જ પાણી... હતું. પ્રાકૃતિક વૈભવથી તરબતર ગાંધીનગરમાં સાર્વત્રિક પાણીથી નાગરિકો ઉત્તેજના અનુભવતા હતા. પાણી ભરાયાનો આનંદ હૈયામાં સમાતો નહોતો. ગાંધીનગરને જોડતા માર્ગો કે ગાંધીનગરના માર્ગો પાણીથી તરબર હતા. વહેલી સવારનો મેઘરાજાનો દબદબો પણ અલગ જ હતો. ગાજવીજ સાથે સમાપન સમારોહમાં સૌનો આભાર વ્યક્ત કરતા હોય, પ્રેમ અને સ્નેહ વરસાવતા હોય તેમ ભરપૂર વરસાદ વરસ્યો હતો. ગાંધીનગરમાં એક જ દિવસમાં ૯ ઈંચના વરસાદથી મોસમ પાણીથી છલકાઈ હતી. માત્ર એક જ મહિનામાં આખા વર્ષનો હિસાબ ચૂકતે કર્યો હતો. સિઝનનો કુલ વરસાદ ૩૬ ઈંચ નોંધાયો હતો.

બિલ્ડરે પાણીના માર્ગમાં કોટ ચણી લેતા ધોળાકુવાના ગ્રામજનો ગિન્નાયા

વરસાદી પાણીનો પરંપરાગત માર્ગ ખોટી રીતે અવરોધતા પાણીનો ભરાવો ગામ તરફ વધ્યો : સત્વરે માર્ગ ખુલ્લો નહી કરાય તો આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર પાસેના ધોળાકુવા ખાતે વરસાદી પાણીનો માર્ગ નવનિર્મિત સોસાયટીઓના બિલ્ડર દ્વારા બાંધી દેવાયેલા કોટને કારણે રોકાઈ જતા પાણીનો ભરાવો ગામ તરફ થવા પામી રહ્યો છે. આ કારણે ધોળાકુવાના ગ્રામજનો આજે રોષે ભરાયાં હતા અને બિલ્ડર વિરૂદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. આ સાથે ગ્રામજનોએ જો બિલ્ડર દ્વારા સત્વરે પાણીનો માર્ગ ખુલ્લો નહી કરાય તો આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

ધોળાકુવા ગામના વરસાદી પાણીનો ઢોળાવ રક્ષાશક્તિ સર્કલથી ગીફ્ટસીટી તરફ જતા બાયપાસ માર્ગ પરના બે ગરનાળામાં થઈને સાબરમતી નદીમાં જાય તે રીતનો વર્ષોથી રહ્યો છે. ધોળાકુવાની વસાહતની સામેના ભાગે એટલે કે

બાયપાસ રોડની બીજી તરફ તાજેતરમાં જ નવી સોસાયટીઓનું નિર્માણ થવા પામ્યુ છે. જેમાં બિલ્ડર દ્વારા ગામના રસ્તાના ફરતે કોટ ચણી લેવામાં આવ્યો છે. આ કોટના કારણે વરસાદી પાણીનો માર્ગ રૂંધાઈ જતા પાણીનો ભરાવો ગામ તરફ પરત વધી રહ્યો છે. પાણીનો નિકાલ અટકી જવાથી ગામમાં રોગચાળો ફેલાવા સહિતનુ જોખમ વધવા પામ્યું છે. જેથી ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાઈ હતી. ગ્રામજનો દ્વારા અનેકવાર આ બાબતે બિલ્ડરનું ધ્યાન દોરવા છતાં બિલ્ડર દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યાં છે. આજે વહેલી સવારે વરસેલા ભારે વરસાદને પગલે પરિસ્થિતિ વધુ ગંભીર બનતા ધોળાકુવાના ગ્રામજનોએ એકઠાં થઈ બિલ્ડરને રજૂઆત કરવા સાથે બિલ્ડર વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરતા એક તબક્કે મામલો ગરમાયો હતો. ગ્રામજનોએ આ સાથે સત્વરે બિલ્ડર દ્વારા પાણીનો પરંપરાગત માર્ગ ખુલ્લો નહી કરવામાં આવે તો જલદ આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

કોંગ્રેસના કાર્યકરોનો બલવંતસિંહ, તેજશ્રીબેન વિરૂદ્ધ સૂત્રોચ્ચાર

ગાંધીનગર, તા. ૨૭

કોંગ્રેસના ધારાસભ્ય બલવંતસિંહ રાજીનામુ આપવા આવ્યા તે સમયે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે ઉપસ્થિત કોંગ્રેસના કાર્યકરોએ બલવંતસિંહ મુર્દાબાદના નારા લગાવ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય બલવંતસિંહ રાજપુત અને વિરમગામના ધારાસભ્ય તેજશ્રીબેન પટેલ આજે પોલીસ એસ્કોર્ટ સાથે વિધાનસભા અધ્યક્ષને રાજીનામુ આપવા સ્વર્ણિમ સંકુલ આવ્યા હતા. આ બન્ને ધારાસભ્યો સ્વર્ણિમ સંકુલ આવે તે પહેલા જ કોંગ્રેસના કેટલાક કાર્યકરો ઉપસ્થિત હતા. બલવંતસિંહ આવતાં જ કોંગ્રેસના કાર્યકરોએ બલવંતસિંહ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર પોકારીને રોષ વ્યક્ત કર્યો હતો.

ઈન્ડિયન લાયન્સ અને નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા ખાસ અપીલ

બનાસકાંઠા, પાટણમાં પૂરના કારણે જે તારાજી સર્જાઈ છે તેમાં લોકો બેહાલ થઈ ગયા છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ખાવા-પીવાની સામગ્રી, દવા અને તબીબી તેમજ જરૂરી ઘરવખરી વગેરેની ઢગલો સહાય મળી છે પરંતુ લોકો પાસે કપડા નથી. ઓઢવા-પાથરવા નથી. આથી ઈન્ડિયન લાયન્સ, નેશન ફર્સ્ટ ફાઉન્ડેશનના વિવિધ હોદ્દેદારો કે ક્લબના ચેપ્ટર દ્વારા જુના નવા કપડા, ખાસ કરીને મહિલાઓ માટે સાડી, તેમજ ઘરમાં જૂના ધાબળા, બ્લેન્કેટ વગેરે એકત્ર કરવાનું અભિયાન શરૂ કર્યુ. બધુ ભેગુ કરીને હિતેષભાઈ પંડ્યા ઈન્ડિયન લાયન્સ મુખ્ય ટ્રસ્ટી, નેશન ફર્સ્ટના નિવાસસ્થાન 'હાશ', ૨૫૬/૧, ગ-૧ ટાઈપ, સે. ૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧ ખાતે પહોચતું કરાશે. ગાંધીનગરમાં કુમ્પલ દવે, શિલ્પા દેસાઈ દ્વારા રાહત સામગ્રી ઉઘરાવવામાં આવશે.

વિધાનસભાનું ચોમાસુ સત્ર ૮-૯ ઓગષ્ટના રોજ

મહાત્મા મંદિરમાં વિધાનસભાની બેઠક યોજાશે

વિધાનસભાનું રિનોવેશન ચાલતુ હોવાથી સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભાનું બે દિવસીય ચોમાસુ સત્ર બોલાવવાનું આહ્વાન રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ કર્યું છે.

૮ અને ૯ ઓગષ્ટ દરમ્યાન વિધાનસભાનું આ ચોમાસુ સત્ર મહાત્મા મંદિર ખાતે યોજાશે.

ગુજરાત વિધાનસભામાં હાલ રિનોવેશનની કામગીરી ચાલી રહી હોવાથી વિધાનસભાનું સત્ર મહાત્મા મંદિરમાં યોજવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. આ ટુંકા સત્રને લઈ વિધાનસભા અંગેની તૈયારીઓ પણ મહાત્મા મંદિર ખાતે શરૂ કરી દેવામાં આવી છે.

ગુજરાત વિધાનસભા માટે મહાત્મા મંદિર વિધાનસભાનું ત્રીજુ સરનામુ બનશે. વિધાનસભા સંકુલ પહેલાં સે. ૧૭ના મધ્યસ્થ ગ્રંથાલયમાં હતુ આ પછી સચિવાલય સંકુલ સાથે નવુ વિધાનસભા સંકુલ બનતાં તે બીજો મુકામ બન્યુ હતુ.

હવે વિધાનસભા સંકુલનું રિનોવેશન ચાલુ હોવાથી વિધાનસભા સચિવાલય સ્વર્ણિમ સંકુલ-૨માં કાર્યરત રહેશે જ્યારે વૈદ્યાનિક કામગીરી મહાત્મા મંદિર ખાતે થશે. વિધાનસભા સચિવાલય અને વિધાનસભાગૃહ બન્ને અલગ-અલગ જગ્યાએ કાર્યરત હશે તેવી પ્રથમ ઘટના વિધાનસભાની તવારીખીમાં બનશે.

આદીવાડા ગામમાં પાણી-પાણી : મકાનની દિવાલ ધસી પડતા બે ઘાયલ

રાત્રે પડેલા ધોધમાર વરસાદને પગલે શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સે. ૨૭ ડીએસપી ઓફીસની સામે આવેલા આદીવાડા ગામમાં પણ પાણી-પાણી થઈ ગયુ હતુ. બે મકાનોની દિવાલો ધસી પડતા આદીવાડાના પટણીવાસમાં બે વૃદ્ધો ઘાયલ થયેલી હાલતમાં કેડ સમા પાણીમાં ફસાઈ ગયા હતા. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ તથા ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સેક્ટર-૨૧ પીઆઈ જતીન પ્રજાપતી તેમની ટીમો સાથે આ ઘટનાનો કોલ મળતા જ સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીમાં જઈને બે ઘાયલોને બોટ મારફતે બહાર નિકાળી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા.

સરગાસણ પાસે રંગોલી ફાર્મમાંથી બોગસ કોલ સેન્ટર પકડાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ પાસે આવેલા રંગોલી ફાર્મમાં ઈન્ફોસીટી પોલીસે દરોડો પાડી બોગસ કોલ સેન્ટર પકડી પાડ્યું છે. લાઈટ ગઈ હોવાથી ભેજાબાજો બેસી રહ્યા હતાં. તપાસ કરતાં અમેરીકાના નાગરીકોને ટાર્ગેટ કરી તેમની બાકી લોનની માહિતી મેળવી બાકી લોન ભરવાની બીક બતાવી આ ભેજાબાજો ટાર્ગેટ સ્ટોર, વોલ માર્ટ, આઈ ટ્યુન્સ જેવા યુ.એસ.ના મોટા સ્ટોર્સમાંથી ટાર્ગેટ મોડ મારફતે રૂપિયા પડાવી ચુનો લગાવતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ઈન્ફોસીટી પોલીસે કોલ સેન્ટરનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સોની ધરપકડ કરી લઈ ઊંડી તપાસ શરૂ કરી છે.

ઈન્ફોસીટી ઈન્ચાર્જ પી.આઈ. ડી.બી. વાળા તથા તેમની ટીમે ગઈ સાંજે સરગાસણ પાસે રંગોલી ફાર્મમાં ચેકીંગ કરતાં ફાર્મમાં બોગસ કોલ સેન્ટર ધમધમતુ હોવાનુ ધ્યાને આવ્યું હતું. ઈન્ફોસીટી પોલીસની ટીમે દરોડો પાડી રંગોલી ફાર્મમાંથી ૧૦ કોમ્પ્યુટર, ૩ મોબાઈલ, ૪ મેજીક જેક, ૮ હેડફોન, ૨ કાઉન્ટર અને ૩ વાઈફાઈ મોડેમ મળી એક લાખ રૂપિયાનો મુદ્દામાલ

બોગસ કોલ સેન્ટરમાંથી જપ્ત કરી લીધો હતો. પોલીસે સેક્ટર-૩-એ પ્લોટ નં. ૧૬૧/૧માં રહેતા રીઝવાન કમરૂદ્દીન શેખ, હનીફ ઊર્ફે બોડો કમરૂદ્દીન શેખ, વેજલપુર રજનીગંધા ફ્લેટમાં રહેતા સુહાગ ઊર્ફે ગોપાલ કિર્તી વ્યાસ અને મુળ જુનાગઢનો અને હાલ રંગોલી ફાર્મમાં રહેતો કરણ બિમલેશ ગલ (આહીર) મળી ચાર શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપીઓ ગેરકાયદેસર ઈન્ટરનેશનલ કોલ સેન્ટરમાં કોમ્પ્યુટર, મેજીક જેક, ડી.આર.ડી. સોફ્ટવેરની મદદથી અમેરીકન સીટીજનને ટાર્ગેટ બનાવી તેમની બાકી લોનની માહિતી મેળવીને રૂપિયા પડાવી છેતરપીંડી આચરતા હોવાનું ખુલ્યુ છે.

ચિલોડા-શિહોલીમોટી મહુન્દ્રા-પ્રાંતિયા ગામોમાં અતિવૃષ્ટિથી પ્રભાવિત થતાં અસરગ્રસ્તોને ફૂડપેકેટનું વિતરણ કરાયું

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં છેલ્લા પાંચ દિવસથી ભારે વરસાદ વરસતાં અન્ય ગામોના પાણીના વહેણ વહેતાં શિહોલીમોટી આલમપુર, ચિલોડામોટા, મહુન્દ્રા તથા પ્રાંતિયા ગામોને ભારે અસર થવા પામી હતી. પ્રાંતિયા-શિહોલીમોટી-આમલપુર ગામોમાં વરસાદી પાણીના વહેણ આવતાં મકાનોમાં પાણી ઘુસવાના પરિણામે નાગરિકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. શિહોલીમોટી ગામે ગ્રામપંચાયત દ્વારા જેસીબી મશીન દ્વારા પાણીના નિકાલની સુવિધા હાથ ધરાઈ હતી. ચિલોડા ગામે અમદાવાદ રોડ નજીક આવેલ સાચોળી વિસ્તારમાં રહેતા ગરીબ ૩૦ પરિવારોના મકાનોમાં કેડસમા પાણી ઘુસી જતાં તાત્કાલિક ગ્રામપંચાયત દ્વારા અન્ય સ્થળે ખસેડીને ખિચડી અને કઢીનું ભોજન આપવામાં આવ્યું હતું. સમયે તાલુકા વિકાસ અધિકારી રમિલાબેન પરમાર, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસીહિ રાઠોડ, ગ્રામ પંચાયતના સભ્યોએ અસરગ્રસ્તોને ખાદ્યસામગ્રી આપી આશ્વાસન આપ્યું હતું.

ચિલોડા ગામના પ્રવેશદ્વારે ધણપ-મુકિયાથી ધસમસતો પાણીનો પ્રવાહથી ધોધ વહેવા પામ્યો છે. આ પ્રવાહ પ્રાંતિયા ગામે રહેતા મકાનોમાં પાણી ઘુસ્યા હતા. જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદસિંહ સોલંકી દ્વારા રાહત કામગીરી હાથ ધરી હતી. અસરગ્રસ્તોને તુરતજ ફૂડપેકેટનુંવિતરણ કર્યુંહતું. ચિલોડા ગામે વણકરવાસમાં વસંતભાઈ એસ. સોલંકીનું ત્રણ માળનું મકાન પાયામાંથી બેસી જવાની સંભાવનાથી આજુબાજુના રહીશોએ તરુત જ પોતાના મકાનો ખાલી કરી જિલ્લા ડીઝાસ્ટર મેનેજમેન્ટને ટેલીફોન દ્વારા સંભવિત નુકશાન થવા અંગે જાણ કરી હતી.

: ટેન્ડર હરાજી : (પ્રથમ પ્રયત્ન)

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની (એમ્બેસીડર ડીઝલ) વાહન નં. જી.જે.૧૮.જી. ૧૯૭૧ મોડલ ૨૦૦૫ હાલ જે સ્થળે જે સ્થિતિમાં છે તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવી તા. ૧૧.૮.૨૦૧૭ના રોજ ટેન્ડર પદ્ધતિથી નિકાલ કરવાની હોઈ, ભાગ લેવા ઈચ્છા ધરાવતી વ્યક્તિઓએ રૂ. ૧૦૦/- (બિન ચુકવણી પાત્ર) રોકડા નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, બ્લોક નં. ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવી તા. ૧૦.૮.૨૦૧૭ના રોજ ૧૭.૩૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૧૮૧/૧૭-૧૮

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓનલાઈન જાહેર નિવિદા નં.૪ સને ૨૦૧૭-૧૮

૧.	કામની વિગત	તલોદ તાલુકાના મોજે રામપુર કંપા (ઓત્રોલીવાસ પુંજાજી) ગામતળમાં ભરાતાં વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ લાઈન કરવાની કામગીરી. અંદાજીત રકમ રૂ. ૪.૫૧ લાખ
૨.	ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા. ૮/૮/૧૭ સમય : ૧૮.૦૦ કલાક સુધી
૩.	ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમય (માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટથી)	તા. ૯/૮/૧૭થી ૧૬/૮/૧૭ સુધી સમય - ૧૬.૦૦ કલાક સુધી
૪.	ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	તા. ૧૯/૮/૧૭ સમય - ૧૨.૦૦ કલાક સુધી
૫.	કચેરીનું સરનામું ટેલીફોન નંબર : કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, હિંમતનગર, સિંચાઈ વિભાગ, હડિયોલપુર છાપરીયા, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૨૭૧૦)	

વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો.
ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૨૬૪/૨૦૧૭